Seat No. : _______________

# MJ-210

**May-2025**

**B.A., Sem.-II**

**Minor-DSC-M-GUJ-123 : Gujarati**

**પદ્ય – (પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક ખંડ-2 ગુચ્છ-1)**

**Time : 2 Hours]** **[Max. Marks : 50**

1. ગુજરાતી સાહિત્યમાં ઊર્મિકાવ્યની લાક્ષણિકતાઓની ચર્ચા કરો. **10**

**અથવા**

1. ગુજરાતી સાહિત્યમાં થયેલા ઊર્મિકાવ્યના ઉદ્‌ભવ અને વિકાસની રૂપરેખા આપો. **10**

2. કવિ બ.ક. ઠાકોરના 'પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક' સંગ્રહના અભ્યાસક્રમ પર આધારિત કાવ્યોની સમીક્ષા કરો. **10**

**અથવા**

2. કવિ 'કાન્ત'ના જીવન અને સાહિત્યનો ટૂંકમાં પરિચય આપી, તમારા અભ્યાસક્રમમાં સમાવિષ્ટ કાવ્યોની સમીક્ષા કરો. **10**

3. કવિ ન્હાનાલાલના 'વિરાટનો હિંડોળો' અને 'પાર્થને કહો ચડાવે બાણ' કાવ્યોની રસલક્ષી સમીક્ષા કરો. **10**

**અથવા**

3. ટૂંકનોંધ લખો : (ગમે તે બે) **10**

(1) પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલકમાં કવિ કલાપીના કાવ્યો

(2) 'જય! જય! ગરવી ગુજરાત! ' કાવ્યની સમીક્ષા

(3) 'વસંતવિજય' ખંડકાવ્યની સમીક્ષા

(4) 'મને ભાવી ગુજરાતી ભાષા' કાવ્યનું ઔચિત્ય

4. **સૂચના : (માત્ર અંધ વિદ્યાર્થીઓ માટે)** **10**

ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**)

(1) પ્રૂફ વાંચનના વિવિધ પ્રકારો

(2) પ્રૂફ રીડિંગની સજ્જતા અને ગુણો

(3) પ્રૂફ રીડિંગની પદ્ધતિનો પરિચય

(4) પ્રૂફ વાચનની જરૂરિયાત

4. મૂળ પરિચ્છેદનો આધાર લઈ ભૂલવાળા પરિચ્છેદનું પ્રૂફની નિશાની મૂકી પ્રૂફ રીડિંગ કરી, પ્રૂફ રીડિંગ કરેલું પાનું (**પેજ** 7) બધી વિગતો ભરીને ઉત્તરવહી સાથે જોડો : **10**

(1) મૂળ પરિચ્છેદ

સમાનતાનો અર્થ એટલો જ છે કે સ્ત્રીને રાજકીય, સામાજિક, આર્થિક, કૌટુંબિક ક્ષેત્રે પુરુષના જેટલો જ અધિકાર હોવો જોઈએ. તેને બૌદ્ધિક અને અન્ય શક્તિઓનો વિકાસ કરવા માટે પુરુષનાં જેટલી જ તકો મળવી જોઈએ કે શ્રમ અને સંપત્તિમાં બંનેનો સરખો હિસ્સો હોય. એવી મુક્ત હવા ધરાવતા સમાજમાં સ્ત્રી વસ્તુ નહિ, વ્યક્તિ હશે.

**અથવા**

(2) મૂળ પરિચ્છેદ

નદીને જો કોઈ ઉપમા છાજે તો તે માતાની જ છે. નદીને કાઠે રહીએ એટલે દુષ્કાળની બીક તો રહે જ નહિ. મેઘરાજા દગો દે, ત્યારે નદી માતા આપણો પાક પકવે. નદીને કાંઠે ફરવા જઈએ એટલે કુદરતનાં માતૃવાત્સલ્યનાં અખંડ પ્રવાહના દર્શન થાય. નદી મોટી હોય એનો પ્રવાહ ધીર ગંભીર હોય ત્યારે કાંઠા ઉપર રહેનાર લોકોની જાહોજલાલી એ નદીને જ આભારી હોય, સાચે જ નદી જન સમાજની માતા છે. શહેરમાં આપણે ફરતા હોઈએ અને એકાદ ખૂણા તરફથી નદીનું દર્શન થાય, ત્યારે આપણને કેટલો આનંદ થાય ? શહેરનું મેલું વાતાવરણ ક્યાં ? અને નદીનું પ્રસન્ન દર્શન ક્યાં ? તરત જ ફેર જીગાઈ આવે છે. નદી ઈશ્વર નથી. પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવ છે.

5. નીચેના પ્રશ્નોમાંથી સાચો વિકલ્પ શોધી ઉત્તર લખો : (કોઈપણ **દસ**) **10**

(1) 'પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક ખંડ-2 ગુચ્છ-1'ની પ્રથમ આવૃત્તિનું પ્રકાશન ક્યારે થયું હતું ?

(a) 2009

(b) 2011

(c) 2015

(d) 2016

(2) ઊર્મિકાવ્યને અંગ્રેજીમાં શું કહેવામાં આવે છે ?

(a) સોંગ

(b) એલેજી

(c) લિરિક

(d) સિમ્બોલ

(3) 'શરણાઈવાળો' કાવ્ય કયાં કવિની રચના છે ?

(a) કાન્ત

(b) કલાપી

(c) દલપતરામ

(d) નર્મદ

(4) કવિ નર્મદ અને કવિ દલપતરામ કયા યુગના કવિ છે ?

(a) પંડિતયુગ

(b) સુધારક યુગ

(c) ગાંધીયુગ

(d) આધુનિક યુગ

(5) 'ભણકારા' કાવ્ય કયા કવિની રચના છે ?

(a) નર્મદ

(b) બ.ક. ઠાકોર

(c) કાન્ત

(d) કલાપી

(6) કવિ કલાપી અને કવિ કાન્ત કયા યુગના સર્જક છે ?

(a) સુધારક યુગ

(b) પંડિત યુગ

(c) ગાંધી યુગ

(d) આધુનિક યુગ

(7) 'આપની યાદી' કાવ્ય કયા કવિની રચના છે ?

(a) નર્મદ

(b) કાન્ત

(c) કલાપી

(d) બ.ક. ઠાકોર

(8) મણિશંકર રત્નજીભટ્ટ ગુજરાતી સાહિત્યમાં કયા ઉપનામથી ઓળખાય છે ?

(a) સુંદરમ્

(b) કાન્ત

(c) વાસુકિ

(d) ઉશનસ

(9) "અન્યનું તો એક વાંકુ આપનાં અઢાર છે." આ પંક્તિ કયા કવિની છે ?

(a) વધામણી

(b) રસજ્યોત

(c) ઊંટ કહે

(d) કબીરવડ

(10) "પાર્થને કહો ચડાવે બાણ" આ કાવ્યમાં કવિ ન્હાનાલાલના મતે પાર્થ એટલે કોના માટે આ શબ્દ વપરાયો છે ?

(a) કર્ણ

(b) સહદેવ

(c) અર્જુન

(d) ભીમ

(11) પ્રૂફ વાંચનમાં N.P. નિશાની શેના માટે વાપરવામાં આવે છે ?

(a) લખાણ છૂટૂં પાડવા

(b) લખાણ ભેગું કરવા

(c) ફકરો પાડવા

(12) 'પ્રશિષ્ટ ગુજરાતી કાવ્યઝલક' સંગ્રહના અભ્યાસક્રમ આધારિત કુલ કેટલા કાવ્યોની પસંદગી થઈ છે ?

(a) 25

(b) 30

(c) 35

(d) 40

4. મૂળ પરિચ્છેદનો આધાર લઈને નીચે આપેલા કોઈપણ **એક** ભૂલોવાળા પરિચ્છેદમાં પ્રૂફ રીડિંગની નિશાનીઓ – ચિહ્નો દર્શાવી પ્રૂફ રીડિંગ કરો અને પ્રૂફ રીડિંગ ભૂલોવાળા પરિચ્છેદવાળું પેજ તમારી ઉત્તરવહી સાથે જોડો. (ઓછામાં ઓછી કોઈપણ **દસ (10)** ભૂલો સુધારવી આવશ્યક છે.) **10**

**કેન્દ્ર** ____________________ **પરીક્ષાર્થીનો બેઠક નંબર** ____________________

**નિરીક્ષકની સહી** ____________________ **તારીખ** ____________________

(1) સમાનતા ના અર્થ આ ટ લો જા છે. કે અસ્ત્રીને રાજકીય; સામાજિક, આર્થિક, કૌટુંબિક ક્ષેત્ર માં પુરુષોના જેટલી જ અધિકાર મળવો જોઈએ તેમ ને બૌધ્ધિક અ ને અન્ય શકિત ઓના વિલાસ કરાવ । મા માટે પુરુષ ના જેટ લા જ તક મલવી જોઈ એ કે શ્રમ અને સપતીમાં બંને ના સમરખો કિસ્સો હોય એવી મુકત હવા ધરાવાતા સમાજ મા ઈસ્ત્રી વસ્તુ નહિ, વ્યક્તિ હશે.

**અથવા**

(2) નાડીણે જો કોઈ ઉપ મા છાજે તો તે મા તાજી ની છે. નદીને કાન્તે રહીએ એટલે દુસ્કાલની બીક તો હે જ નહિ. મેઘ રાજા દગો દે ત્યારે નદી મા તા આ પાનો પાક પકવે. નદીને કાંઠે ફર વ જઈ એ એટલે માતૃવાલ્સલ્ય નાં કુદરતના અખંડ પ્રવાસનું દર્શ થા થાય. નદી મોટી હોપ એનો પ્વાહ ધીર ગંભીર હોય ત્યારે કાંઠા પર રહેનારા લોકોની જાહોજ લાલી નદીને જ આ ભારી, હોય, સય જ નદી જ જગ્સંસાર ની માતા છે. શેરમાં આ પણે ફરતા હોઈએ અને એકાદ કુણા તરફથી નદીનું દરસન થાય ત્યારે આપણાણે કેટલો આનંદ તા ય ? સહેરનું મેલું વાતા વરણ કયાંય ? અને નડીનું પ્રસન્ન દરસન કયાં ? તરત જ ફેર જીગાઈ આવે છે. નદી ઈશ્વર નથી. પણ ઈશ્વરનું સ્મરણ કરાવનાર દેવ તા છે.